# માઉન્ટ કાર્મેલ સ્કૂલ દ્વારા સ્થાપના દિવસની ઉજવણી






ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર, સેક્ટર- ૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળાનો સ્થાપના દિવસ તા.૧૬ જુલાઇના રોજ છે, જેની ઉજવણી સોમવારે કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત કરી હતી. મૂલ્યો દર્શાવતું નાટક તથા વધામણી ગીત રજૂ કર્યું હતું, તેમજ ગત વર્ષનાં બોર્ડની પરીક્ષાનાં તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા મેનેજર, આચાર્ય તથા અન્ય સિસ્ટર્સનું તેમની સેવા બદલ પુષ્પગુચ્છથી અભિવાદન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ શાળાનાં આચાર્ય સિસ્ટર જેનીફરના માર્ગદર્શન હેઠળ તથા શિક્ષકો અને બાળકોની મહેનતથી સફળતા પૂર્વક સંપન્ન થયો હતો.

## જન્મદિને વધામણી



બિપીનચંદ્ર સોમેશ્વર ઠાકર
મો. ૯૦૩૩૫ ૭૧૯૦૫



જયેશભાઈ બ્રહ્મભટ્ટ



વિપુલકુમાર એચ સોની
મો. ૯૮૯૮૦ ૪૭૫૬૯



ધ્યાની ઉર્પલકુમાર જોષી
મો. ૯૮૯૮૧ ૧૦૬૫૪

# જે બી પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણ





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં શનિવારે ધોરણ-૨થી ૮ના વિદ્યાર્થીઓના વાલીમિત્રોની મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વિદ્યાર્થીઓના વાચન, લેખન અને ગણનના અભ્યાસમાં ઝડપથી સુધારો થાય તે માટે શિક્ષકો દ્વારા વાલીઓ સાથે વિશદ ચર્ચા કરવામાં આવી હતી. વર્ગશિક્ષકોએ શાળાની વિશેષતાઓ, પ્રવૃત્તિઓ સાથે તમામ વિષયમાં કેવી રીતે તૈયારી કરવી, વિષયોનું મહત્ત્વ, પરીક્ષાલક્ષી શિસ્ત, નિયમિતતા અને સારા સંસ્કારોનું ઘડતર થાય તે અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વાલીઓએ પણ શાળાના શિક્ષણ અને પ્રવૃત્તિઓ અંગે પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં હતાં.

# એમ બી પટેલ ઈંગ્લિશ સ્કૂલમાં વિદેશી વિદ્યાર્થીઓનું સ્વાગત



ગાંધીનગર, તા. ૧૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ હાઈસ્કૂલ અને હાયર સૅકન્ડરી સ્કૂલ ખાતે વર્ષ ૨૦૦૮થી એએફએસ અંતર્ગત પ્રતિવર્ષ બે વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિ અને ભારતીય સિક્ષણ માટે બેથી ત્રણ વિદ્યાર્થીઓ સંસ્કૃતિ આદાનપ્રદાનના કાર્યક્રમ માટે આવે છે. આ વર્ષે સ્વીત્ઝર્લૅન્ડથી સિલવાન સટર અને ઈટાલીથી મેરિકા વિપ્લમા આવ્યાં છે.

શાળાની વિદ્યાર્થિનીઓએ તિલક કરી ફૂલ આપી તેમનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. એએફએસ ઈન્ડિયાના પ્રમુખ ડૉ. વર્ષા પારેખ, આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન અને શાળા પરિવારે પણ આ વિદ્યાર્થીઓને હેતાળ આવકાર આપ્યો હતો.

# માતૃભાષાની ૨૧મી કાર્યશાળા યોજાઈ



ગાંધીનગર, તા. ૧૫

ગુજરાતી વ્યાકરણમાં સમાસ વિશે વિગતવાર સમજ આપતો વર્ગ યોજાયો

માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાની એકવીસમી કાર્યશાળા શનિવારે બાળ વિશ્વવિદ્યાલય ખાતે યોજાઈ ગઈ. ગુજરાતી ભ ાષાના સંવર્ધન અને સંરક્ષણ માટે વિવિધ કાર્યક્રમો યોજી ભાષા સજ્જતા માટે કાર્યશાળા યોજવામાં આવે છે.

આ વખતની કાર્યશાળામાં આદર્શ શિક્ષક, માતૃભાષાના હિમાયતી, સફળ નવલકથાકાર, વાર્તાકાર અને ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી કલ્પેશ પટેલ ગુજરાતી વ્યાકરણમાં 'સમાસ' વિશેના વર્ગ લેવા આવ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત કલ્પેશ પટેલ, કિશોર જીકાદરા અને રણછોડ પરમારના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવી. કાર્યક્રમની રૂપરેખા કાર્યક્રમના સંયોજક સંજય પંડ્યા દ્વારા આપવામાં આવી. આવેલા સૌ ભાષાસાધકોને કિશોર જીકાદરાએ શ્રુત લેખન કરાવી એમાં રહેલી ક્ષતિઓ દૂર કરાવવાનો અભ્યાસ કરાવ્યો. ગુજરાતી વ્યાકરણના અચ્છા અભ્યાસુ એવા કલ્પેશ પટેલે ખૂબ સરળતાથી સમાસની સમજ આપી. ભાષામાં રસ ધરાવતા સાધકોએ જ્યારે પણ વચ્ચે કોઈ પ્રશ્ન કર્યો એનું પણ તરત જ નિકારણ કર્યું. સમાસ જેવા અઘરા વિષયને રસપ્રદ રીતે ભણાવી સૌને સહેલાઈથી યાદ રહે એવી રીત પણ બતાવી.

આ કાર્યશાળામાં સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત, દેવાંગ મેવાડા, કિરણ બાલાસરા, યોગેન્દુ ચૌહાણ, જતીન ખખ્ખર, નેહલ રાદડિયા સહિત અનેક ગુજરાતી ભાષાસાધકો ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે એમ ચૌધરી પ્રાથમિક વિદ્યાલય ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો



શ્રી જે એમ ચૌધરી પ્રાથમિક વિદ્યાલય, સૅક્ટર-૭ ખાતે શનિવારે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૭ અને ૮ના વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આચાર્ય મીનાબેન ચૌધરી, શિક્ષક મંજુલાબેન ચૌધરી અને ઈજુબેન આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથે રહ્યા હતા.

# અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી



ગાંધીનગર, તા. ૧૫

અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કૉલેજ દ્વારા શનિવારે ગુરુપૂર્ણિમાની ઉજવણી હાથ ધરવામાં આવી હતી.

ખીમજી વિશરામ હૉલ ખાતે આ નિમિત્તે યોજાયેલા એક કાર્યક્રમમાં રામકૃષ્ણ મિશન, રાજકોટના અધ્યક્ષ સ્વામી નિખિલેશ્વરાનંદજી દ્વારા વિદ્યાર્થીઓને સંબોધન કરવામાં આવ્યું હતું. 'એકવીસમી સદીનો આદર્શ વિદ્યાર્થી' વિષયે બોલતાં તેમણે વિદ્યાર્થીઓને શુદ્ધ આહાર, શુદ્ધ વિચારની સાથે શારીરિક, માનસિક, બૌદ્ધિક, નૈતિક અને આધ્યાત્મિક વિકાસની વાત કરી હતી. યોગા અને વ્યાયામથી મન એકાગ્ર કરી વિદ્યાર્થીઓ તેમના ભણતર પર ધ્યાન કેન્દ્રિત કરી શકશે એમ તેમણે જણાવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. જિજ્ઞેશ પટેલ અને લાઈબ્રેરિયન શ્રદ્ધા પંડ્યા દ્વારા ડૉ. ધર્મેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કૉલેજના અધ્યાપકોએ પણ આ પ્રવચનનો લાભ લીધો હતો.

# ગુરુ બિન કૌન બતાવે બાટ ? બડા વિકટ યમઘાટ



પ્રસંગસર
સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

ગુરુ ! તારો પાર ન પા...યો, પ્રથમીના માલિક !

ગુરુને આપણા સંતો, ઋષિઓ અને મહાન વિભૂતીએ ઉચ્ચ સ્થાને બેસાડ્યા છે. તેમનો પાર પામી શકાતો નથી, તે અકળ છે. તે અખૂટ વિસ્મયનો વિષય છે. લોકભજનની પરંપરામાં પણ ગુરુનું મહત્વ ઘણું છે. એટલે જ ગવાયું છે કે:

'ગુરુ ! તારો પાર ન પા...યો,
પ્રથમીના માલિક !
તારો પાર ન પાયો.'

અને ભાણ સાહેબે ગુરુનો મહિમા ગાતાં કીધું છે કે:

' સતગુરુ મળિયા સેજમાં, જેણે સતનો શબદ સુનાયો,
ચોરાસીનો રાહ ચુકાવી, અખંડ ધામ ઓળખાયો. '

ચારણ મહાત્મા ઈશરદાસ પર ગુરુ પીતામ્બરની અસિમ કૃપા હતી અને તેમણે હરિરસ રચ્યો. તેની શરૂઆતમાં ગુરૂદેવની સ્તુતિ કરતાં લખ્યું છે કે:

'લાગા હૂં પહેલા લળું, પીતામ્બર ગુરૂ પાય;
ભેદ મહારસ ભાગવત, પાયો જેણ પસાય.'

(અર્થાત જેની કૃપારૂપી પ્રસાદથી શ્રીમદભાગવતનો ભેદ હું પામી શક્યો તેવા પરમ પૂજ્ય ગુરૂવર્ય શ્રી પિતામ્બરદાસજીને સૌથી પહેલા વંદન કરું છું.).

કબીરે ગુરુનો અર્થ સમજાવતી સાખી કિધી છે:

'ગુ અંધિયારી જાનિયે , રુ કહિયે પરકાસ;
મિટે જ્ઞાન તમ જ્ઞાન તે, ગુરુ નામ હૈ તાસ. '

('ગુ' શબ્દનો અર્થ અંધકાર-અવિધ્યા છે અને 'રુ' શબ્દનો અર્થ પ્રકાશ છે. જે જ્ઞાનનો પ્રકાશ આપે અને ભ્રમ અને અંધકારને મિટાવે તે સાચા ગુરુ છે.) ગાંધીજી તેમના આધ્યાત્મિક ગુરુ શ્રીમદ રાજચંદ્ર વિશે કહેતા હતા કે : 'આ એવા માણસ હતા કે જેમણે ધાર્મિક બાબતોમાં મારા હૃદયને પ્રભાવિત કર્યું છે...' તેઓ શ્રીમદ રાજચંદ્ર પાસેથી જુદા જુદા ધર્મના લોકોને નફરત કર્યા વિના આદર કરતા શીખ્યા હતા. કબિરજીની સાખીઓમાં ગુરુને વિશેષ મહત્વ આપવામાં આવેલ છે :

'ગુરુ બિન કૌન બતાવે બાટ ? બડા વિકટ યમઘાટ,
ભ્રાંતિકી પહાડી, નદિયાં બિચ મેં અહંકારકી લાટ,'

મનુષ્ય જ હંમેશા મનુષ્યનો ગુરુ બનતો નથી. તે ભગવાનને પણ પોતાના ગુરુ બનાવે છે અને તેમણે ચીંધેલ રાહ ઉપર ચાલે છે. દેવાયત પંડિત જેવા સંતે 'ધણી ' (પ્રભુ)ને ગુરુપદે સ્થાપેલ. અને તેથી જ ગવાયું છે કે : 'શિવજીનો ચેલો દેવાયત બોલિયા રે જી'. રવિ સાહેબે તો 'હરિ વિના



કોઈ સદગુરુ નથી' તેમ કહ્યું છે. સ્વામી વિવેકાનંદને બાળપણથી જ પરમાત્મા પ્રત્યે લગાવ અને તેને પામવાની ઈચ્છા હતી. જે ત્યારે જ પૂર્ણ થઈ જ્યારે તેમને પરમહંસના જેવા ગુરુના આશિર્વાદ મળ્યા. છત્રપતિ શિવાજી ઉપર ગુરુ રામદાસનો પ્રભાવ હંમેશા રહ્યો. ગુરુકૃપાથી તેઓ રાષ્ટ્રની ધારાને બદલી શક્યા.

ગુજરાતમાં 'ગોદડીયા બાપુ'ના નામથી પ્રખ્યાત એવા ચારણ સંતશ્રી પ્રેમદાસ ગોદડીયા સમર્થ રામબાપાને પોતાના ગુરૂ બનાવવા માટે એક શિષ્યમાં હોય તેવી લાયકાત કેળવવા ગુરુને આત્મસમર્પિત શિષ્યહદયે તેર વર્ષ સુધી એકલવ્યની જેમ ગુરૂ સમર્થ રામબાપાને પોતાના ગુરુ માની સેવા પરાયણ કરી. આ વાતની સમર્થ રામબાપાને ખબર પડતાં પોતે સામેથી આવી સંતશ્રી પ્રેમદાસને ગોદડીમૈયા અર્પણ કરી અને તે આવડદાનમાંથી સમર્થ પ્રેમદાસ ગોદડીયા બન્યા. આ જ સમર્થ પ્રેમદાસ ગોદડિયાના માધ્યમથી પૂર્વાશ્રમના શક્તિદાનને સરધારના ગુરુ હરિહરાનંદજી મળ્યા અને ગુરુ કૃપાથી તેમનો દુનિયાને જોવાનો નજરિયો જ બદલાઈ ગયો અને તેઓ પ્રખ્યાત ભજનિક નારાયણ સ્વામી તરીકે ઓળખાયા. આમ, ગુરુ અને શિષ્ય વચ્ચેનો સંબંધ એ બંને આત્માઓનો નિગૂઢ મર્મસંબંધ, આત્મસમર્પણ છે. અને તો જ દિવાથી દિવો પ્રગટે, આધ્યાત્મિક આનંદની અનુભૂતિ થાય છે. એટલે ધના ભગતે ગુરુનો મહિમા ભજનમાં ગાયો કે :

'હરિ ગુરુ સંતની હે જેને કિરપાયું થાય; દાસ ધનો કે : હીરે હીરો વીંધાય રે...'

માનવમાં રહેલ બુરાઈઓને રૂપી વિષ દુર કરવામાં ગુરુનું વિષેશ યોગદાન છે. અને તે માટે એક સાખી ગવાય છે :

સતગુરુ મેરે ગારુડી, કીધી મુજ પર મે'ર;

સંત કબીરે તો ગુરુનો મહિમા તો સુરજને દીપક બતાવવા સમાન ગણાવ્યો છે. તેઓ એક દોહામાં લખે છે કે :

'યહ તન વિષ કી બેલરી, ગુરુ અમૃત કી ખાન;
શીશ દિયો જો ગુરૂ મિલે, તો ભી સસ્તા જાન. '

શીખ ધર્મમાં એક જ ઈશ્વર અને દસ ગુરુઓની વાણીને જ જીવનનું વાસ્તવિક સત્ય માનવામાં આવે છે.

જેને ગુરુ ન હોય તેને નુગરા કહેવામાં આવે છે. ગગન મંડલ કે બીચ મેં, તહવાં ઝલકે નૂર; નિગુરા મહલ ન પાવઈ, પહુંચેગા ગુરુ પૂર. (સર્વેના હૃદય રૂપી ગગન મંડલમાં અવિનાશી પરમદેવનો પ્રકાશ ઝળકી રહ્યો છે. પણ તેના દર્શન નુગરા પામી શકતા નથી.)

## આશ્રમની ઝાંખી

॥ બીજો મણકો ॥

એટલું તો હું જાણતો હતો કે, હંમેશાં જેલનું સ્થાન જ્યાં આસપાસ સ્વચ્છ જગ્યા હોય તેવે ઠેકાણે શોધવામાં આવે છે.

આઠેક દિવસમાં જ જમીનનો સોદો કર્યો. જમીન ઉપર એકે મકાન નહોતું; એક પણ ઝાડ નહોતું. નદીનો કિનારો અને એકાંત તેને સારુ મોટી ભલામણ હતી. અમે તંબૂમાં રહેવાનો નિશ્ચય કર્યો. રસોડાને સારુ એક પતરાનું કામચલાઉ છાપરું બાંધવાનું ને ધીમે ધીમે સ્થાયી મકાન બાંધવાનો આરંભ કરવાનું ધાર્યું.

આ વખતે આશ્રમની વસ્તી વધી હતી. આશરે ચાળીસ નાનાં મોટાં સ્ત્રીપુરુષો હતાં. બધાં એક જ રસોડે જમતાં હતાં એટલી સગવડ હતી. યોજનાની કલ્પના મારી હતી. અમલનો બોજો ઉપાડનાર તો શિરસ્તા મુજબ સ્વ. મગનલાલ જ હતા. સ્થાયી મકાન બન્યા પહેલાંની અગવડોનો પાર નહોતો. વરસાદની મોસમ માથે હતી. સામાન બધો ચાર માઈલ દૂરથી શહેરમાંથી લાવવાનો હતો. આ અવાવરુ જમીનમાં સર્પાદિ તો હતા જ. તેવામાં બાળકોને સાચવવાનું જોખમ જેવું તેવું નહોતું. રિવાજ સર્પાદિને ન મારવાનો હતો, પણ તેના ભયથી મુક્ત તો અમારામાંથી કોઈ જ નહોતાં, આજેય નથી.

હિંસક જીવોને ન મારવાના નિયમનું યથાશક્તિ પાલન ફિનિક્સ, ટૉલ્સ્ટૉય ફાર્મ અને સાબરમતી ત્રણે જગ્યાએ કર્યું છે. ત્રણે જગ્યાએ અવાવરુ જમીનમાં વસવાટ કરવો પડ્યો છે. ત્રણે જગ્યાએ સર્પાદિનો ઉપદ્રવ સારો ગણાય. એમ છતાં હજુ લગી એક પણ જાન ખોવી નથી પડી, તેમાં મારા જેવા શ્રદ્ધાળુ તો ઈશ્વરનો હાથ, તેની કૃપા જ જુએ છે. ઈશ્વર પક્ષપાત ન કરે, મનુષ્યના રોજના કામમાં હાથ ઘાલવા તે નવરો નથી બેઠો, એવી નિરર્થક શંકા કોઈ ન કરે. આ વસ્તુને, અનુભવે બીજી ભાષામાં મૂકતાં મને આવડતું નથી. લૌકિક ભાષામાં ઈશ્વરની કૃતિને મૂકતા છતાં હું જાણું છું કે તેનું 'કાર્ય' અવર્ણનીય છે. પણ જો પામર મનુષ્ય વર્ણન કરે તો તેની પાસે તો પોતાની તોતલી બોલી જ હોય. સામાન્ય રીતે સર્પાદિને ન મારતા છતાં સમાજે પચીસ વર્ષ લગી બચ્યાં રહેવું, તેને અકસ્માત માનવાને બદલે ઈશ્વરકૃપા માનવી એ વહેમ હોય તો તે વહેમ પણ સંઘરવા લાયક છે. જ્યારે મજૂરોની હડતાળ પડી ત્યારે અશ્રમનો પાયો ચણાઈ રહ્યો હતો. આશ્રમની પ્રધાન પ્રવૃત્તિ વણાટકામ હતું. કાંતવાની તો હજી શોધ જ નહોતી કરી શક્યા. તેથી વણાટશાળા પહેલી બાંધવી એવો નિશ્ચય હતો. એટલે તેનો પાયો ચણાઈ રહ્યો હતો.

150 ગાંધીયાત્રા